# આઝાદીના ૬૮ વર્ષે પણ વિલીનીકરણ સમયે સંધિમાં મુકાયેલ કલમ ૪બી ના કારણે પાલનપુરના નાગરિકોને ભારે હાલાકી

પાલનપુર, તા. ૧૨

સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશી રજવાડાઓને વિલીનીકરણ ભારત સાથે કરવા રાજા મહારાજાઓને નવા બોન કરેલ અપીલને માન આપી સૌથી પહેલા વિલીનીકરણ માટે સંમતિ આપનાર પાલનપુરના હિઝ હોલીનેસ નવાબસાહેબ તાલેમહમંદખાનજી અને સરકાર વચ્ચે થયેલ કરારનામામાં મુકાયેલ એક કલમ ૪બી ના કારણે આજે આઝાદીના ૬૭ વર્ષ પછી પણ રેલવે સ્ટેશનથી નાની બજાર સુધી આવતા માર્ગની એક બાજુની મિલ્કતો ખરીદનારને આજે પણ સરકારની પરવાનગી લેવી પડે છે.

પાલનપુર સ્ટેટના વિલીનીકરણ સમયે રખાયેલ આ કલમ ૪ બી ના નામે ઓળખાય છે. રેલવે સ્ટેશનથી પાલનપુર શહેરમાં પ્રવેશતા ડાબી તરફની લાઈન રેલવે પોલીસ સ્ટેશનથી રહીમી રેસ્ટોરંટ સીમલાગેટ સીટી પોલીસ સ્ટેશનથી લઈ ટાઉનહોલ દિલ્હીગેટથી લઈ પત્થર સડક રામજી મંદિર મોટી બજાર સુખડીયાની સામેની લાઈનથી લઈ બનાસબેંક નૂતન હાઈસ્કૂલ નાની બજારના હાથીખાનાથી લઈ નાની બજાર ચોક સુધીની માર્ગ પરની મિલ્કતો આવી જાય છે.

ગુજરાતમાં હાલમાં અમદાવાદના કેટલાક વિસ્તારોમાંઅશાંત ધારો લગાવીને મિલ્કતોની લે વેચ ઉપર જેમ સરકારની પરવાનગી, જેમ જરૂરી બની છે તેમ પાલનપુરમાં તો આ ધારો કોઈપણ જાતની અશાંતી વિનાજ આઝાદીના ૬૮ વર્ષ પછી આજેય અમલમાં છે. આ ધારાના કારણે રેલવે સ્ટેશનથી નાની બજાર સુધીની ઉપર જણાવેલ લાઈનમાં આજે પણ કોઈ નાગરિક મકાનની લે વેચ કરે તો સીટી સર્વેમાં નામ ફેરની નોંધણી પૂર્વે પ્રાંત ઓફિસર સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની પરવાનગી લેવી જરૂરી બની જાય છે.

વાસ્તવમાં પાલનપુરના નાગરિકોને હાડમારીરૂપ આ કાયદાને નાબુદ કરવા આજદિન સુધી પાલનપુરના કોઈજ ધારાસભ્ય કે સંસદ સભ્યે રાજ્ય સરકારમાં રજુઆત કરી નથી અને કરી હોય તો તેમનું ઉપજ્યું નથી.

વાસ્તવમાં આઝાદીના ૬૮ વર્ષથી પાલનપુરના આ નાગરિકો આ ધારાના અમલના કારણે પરવાનગી મેળવવામાં આડતિયાઓ દ્વારા ખોટા આર્થિક રીતે ખંખેરાઈ રહ્યા છે.

પાલનપુરના નાગરિકોને નડતરરૂપ આ બીન જરૂરી કાયદાની ૪બી કલમને સત્વરે દૂર કરવા રાજ્ય સરકાર સમક્ષ ધારાસભ્યો અને સંસદ સભ્યને રજૂઆત કરે અને આ કલમ રદ કરાવી આઝાદીની ૬૮મી સ્વાતંત્ર્ય દિને પાલનપુરના નગરજનોને સ્વતંત્રતાની ભેટ આપે તેમ પાલનપુરીઓ ઈચ્છી રહ્યા છે.




પાલનપુરમાં પોલીસ હેડ ક્વાટર ખાતે આજરોજ મહિલા સશક્તિકરણ પખવાડીક ઉજવણીના ભાગરૂપે મહિલા કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે મહિલા સુરક્ષા દિવસ અંતર્ગત આજરોજ પાલનપુરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે મહિલા કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત અધિકારીઓ અને મહિલા અગ્રણીઓ દ્વારા મહિલાઓને કાનુની માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસવડા ડી.બી. વાઘેલાએ મહિલાઓને રાઈફલ શુટીંગમાં જવા માટે પોલીસ દ્વારા વ્યવસ્થા કરી આપવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર દિલીપકુમાર રાણા, જિલ્લા પોલીસ વડા ડી.બી. વાઘેલા, થરાદના ધારાસભ્ય અને પુર્વ મંત્રી પરબતભાઈ પટેલ, પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જિલ્લાપંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષી, ડૉ. રાજુલબેન દેસાઈ,. નિરૂબા રાજપુત સહિત અધિકારીઓ, પોલીસ કર્મીઓ તેમજ મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ભાગળ નજીક બસ રોડની સાઈડમાં ઉતરી જતા અકસ્માત

પાલનપુર, તા. ૧૨

પાલનપુર તાલુકાના ભાગળ (પીપળી) ગામ નજીક સોમવારે સાંજના સુમારે અંબાજીથી પાલનપુર તરફ આવતી એસ.ટી. બસમાં યાંત્રીક ખામી સર્જાતા બસ રોડની સાઈડમાં ઉતરી જતા અકસ્માત થયો હતો. બસમાં બેઠેલા ૯ જેટલા મુસાફરોને ઈજાઓ થતા તેઓને સારવાર અર્થે પાલપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અંબાજી-ડીસા એસ.ટી. બસ નં. જીજે-૧૮-વાય-૩૭૫૫ સોમવારે સાંજે પાલનપુર તરફ આવી રહી હતી તે દરમ્યાન ભાગળ (પીંપળી) નજીક બસમાં યાંત્રીક ખામી સર્જાતા બસના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને બસ રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં એસ.ટી. બસમાં બેઠેલા ૯ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. દરમ્યાન એસ.ટી. બસના ડ્રાઈવર મીથુન જનકભાઈ નાયકે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## અડાલજ નારાયણી એવન્યુના બંધ મકાનમાંથી ૬૬ હજારની ઘરફોડ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ખાતે સ્થિત નારાયણી એવન્યુ ૧૦૧માં પરિવાર સાથે રહેતા અને અમદાવાદ એરપોર્ટ પાસેની ગેટ વે હોટલમાં એચ.આર. મેનેજર તરીકે ફરજ બજાવતા ભરતસિંહ ખેંગારજી ચાવડાના મકાનમાં ઘરફોડ થવા પામી છે. રક્ષાબંધને મકાનને તાળુ મારીને પરિવાર સાથે તેઓ બહાર ગયા હતા. તે દરમિયાન મકાનનું તાળુ તોડીને તસ્કરો તિજોરીમાંથી ચાંદીના સિક્કા, સોના-ચાંદીના દાગીના અને સાડીઓ તથા રોકડ મળીને કુલ રૂ. ૬૬,૦૦૦ની ઘરફોડ કરી તસ્કરો પલાયન થઈ ગયા હતાં. મકાન માલિકની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



## પાલનપુર ચોકસી એસોસિએશન દ્વારા ફ્રુટ વિતરણ કરાયું

પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોસિએશનને ૨૧ વર્ષ પુર્ણ થતા આજરોજ એસોસિએશન દ્વારા સિવિલ હોસ્પિટલ સહિતની અન્ય હોસ્પિટલોમાં ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પાલનપુરમાં ચોકસી સુવર્ણકાર એસોસીએશનની સ્થાપનાને ૨૧ વર્ષ પુર્ણ થતા આજરોજ તેની ઉજવણીના ભાગરૂપે સિવિલ હોસ્પિટલ તેમજ ફીમેલ હોસ્પિટલના દર્દીઓને ફ્રુટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચોકસી એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ સોની, મંત્રી અશોકભાઈ સોની, પુર્વ પ્રમુખ રઘુભાઈ ચોકસી, કનુભાઈ સોની, મનુભાઈ સોની સહિત ચોકસી એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# યુનિ. ભૂમિને પવિત્ર કરવા માટે હવન કરવામાં આવશે

### કુલપતિએ વિવાદાસ્પદ નિવેદન કરીને વિવાદના હવનમાં હાડકા નાંખવાનું કામ કર્યું : વિવાદ વધુ ગંભીર બની શકે

અમદાવાદ, તા.૧૨

ગુજરાત યુનિવર્સિટીમાં બિભત્સ પત્રકાંડ મામલો વિવાદ દિવસને દિવસે વધુ ભડકી રહ્યો છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ વિવાદાસ્પદ નિવેદન કરીને વિવાદના આ હવનમાં હાડકા નાખવાનું કામ કર્યું છે. કુલપતિએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે યુનિવર્સિટીની ભૂમિને પવિત્ર કરવા માટે હવન કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર સરમણ ઝાલા દ્વારા મહિલા પ્રોફેસરોને લખાયેલા બિભત્સ પત્રકાંડના શિક્ષણ જગતમાં ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલ આ મામલે તપાસ કરવાની તો દૂર રહી પરંતુ ઉલ્ટાના ઉડાઉ જવાબો આપી નવા વિવાદોને જન્મ આપી રહ્યા છે. આ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કુલપતિ એમએન પટેલે જણાવ્યું હતું કે હવેથી યુનિવર્સિટીમાં આવી ઘટના ન બને તે માટે પ્રોફેસરોને નૈતિકતાના પાઠ ભણાવવામાં આવશે એટલું જ નહીં યુનિવર્સિટીની ભૂમિને ફરીથી પવિત્ર કરવા માટે હવન કરવામાં આવશે. કુલપતિના આ નિવેદનના પગલે યુનિવર્સિટીમાં નવો વિવાદ ઉત્પન્ન થયો છે. યુનિવર્સિટી કેમ્પસમાં અભદ્ર હરકતો કરીને શિક્ષણ જગતને કલંક લગાડનાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની જગ્યાએ કુલપતિ તેમની નૈતિકતાના પાઠ ભણાવવાની અને હવન કરાવવા જેવા અંધશ્રધ્ધાને પોષતી વાતો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ ઝાલા ઉપર તેમની કુળદેવી કોપાયમાન થયા હોવાના અને કુળદેવી કોઈને નહીં છોડે તેવા અંધશ્રધ્ધા ફેલાવતા ઈ-મેઈલ મોકલીને ભયનો માહોલ સર્જવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

## વસંતકુવરબા પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

બાશ્રી વસંતકુવરબા કન્યા વિદ્યાલયના પ્રાથમિક વિભાગમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. બાલમંદિરથી ધોરણ-૮ સુધીના બાળકોને બાલિકાઓ જોડે રક્ષાબંધન કરાવીને મોં મીઠું કરાવ્યું હતું. અને એકબીજાને શુભેચ્છા પાઠવી હતી.

શાળામાં રાખડી બનાવવાની સ્પર્ધાયોજવામાંઆવી હતી. ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ સુંદર કલાત્મક રાખડીઓ બનાવીને સર્જનાત્મક કલાનુંપ્રદર્શન કર્યું હતું. પ્રથમ નંબરે રથવી જાગૃતિ અને દ્વિતીય નંબરે વ્યાસ કોમલ, તૃતીય નંબરે ચૌહાણ તેજસ વિજેતા થયા હતા.

# ગાંધીનગરમાં પીસી એન્ડ પીએનડીટી એકટ હેઠળ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૨

તાલુકા હેલ્થ કચેરી ગાંધીનગર, તાલુકા હેલ્થ કચેરી દહેગામ તેમજ મહાનગર પાલિકા ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગાંધીનગર મહાનગર પાલિકાના હોલમાં આજે સેમિનાર યોજવામાં આવ્યો હતો.

આ સેમીનારમાં સ્ટેટ પીસી એન્ડ પીએનડીટી એકટના મેડીકલ ઓફિસર પી.એલ. દવે સાહેબ, જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડી.સી. જાગાણી, આર.સી.એચ.ઓ. ડૉ. આર.વી. પંડયા, તાલુકાના આરોગ્ય અધિકારી હરેશ ત્રિવેદી, મહાનગરપાલિકા ગાંધીનગર ના મેડીકલ ઓફિસર ડૉ. દિનેશભાઈ એન. બારોટ, તહેગામ તાલુકાના આરોગ્ય અધિકારી ડૉ. આર.કે. પટેલ તેમજ ગાંધીનગર તાલુકાના નામાંકિત ગાયનેકોલોજીસ્ટ, રેડીયોલોજીસ્ટ તેમજ ગાંધીનગર, દહેગામ તાલુકાના મેડીકલ ઓફિસર હાજર રહ્યા હતાં.

આ સેમિનારમાં સ્ટેટમાંથી પધારેલ ડૉ. પી.એલ. દવે સાહેબે દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પી.સી. એન્ડ પીએનડીટી એકટ વિશે વિસ્તૃત માહિતી આપેલ હતી તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ડી.સી. જાગણી તેમજ આરસીએચઓ સાહેબે પણ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં ગાંધીનગર તેમજ દહેગામ તાલુકાના આશરે ૬૫ જેટલા ગાયનેકોલોજીસ્ટ, રેડીયોલોજીસ્ટે હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવેલ.

# ધો-૫-૮માં ઠોઠ વિદ્યાર્થીને નાપાસ જાહેર કરવા તૈયારી


### ગુણાકાર કે ભાગાકાર પણ ન જાણતો હોવા છતાંય ધોરણ ૮ સુધી વિદ્યાર્થી પહોંચી જતા હોવાની વાત સપાટી ઉપર

અમદાવાદ, તા.૧૨

રાજ્ય સરકારના પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળા વિભાગમાં વર્તમાન નિયમો મુજબ ધોરણ-૧ થી ૮ સુધીના કોઈપણ વિદ્યાર્થીને નાપાસ કરવામાં આવતો નથી. આ કારણોસર પ્રાથમિક શિક્ષણ ધોરણ-૫નો વિદ્યાર્થી ગુણાકાર કે ભાગાકાર પણ ન જાણતો હોવા છતાં ધોરણ-૮ સુધી પહોંચી જતો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. એટલું જ નહીં આઠમાં ધોરણ સુધી પહોંચી ગયેલા કેટલાક વિદ્યાર્થીઓ અંગ્રેજીનો એ પણ ન જાણતા હોવાનું જાણવા મળ્યુંછે. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં લઈ રાજ્ય સરકાર હવે પછી ઠોઠ નિશાળીયાઓ માટે પાસ અને નાપાસની નીતિ અંગે ફરી એકવાર મુલ્યાંકન કરી રહી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત સરકારના પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળા વિભાગમાં આજે ધોરણ-૧ થી ૮ સુધીનો કોઈપણ વિદ્યાર્થી નાપાસ ન થતો હોવાના કારણે લાંબાગાળે આ યોજનાના કારણે તદ્દન નબળા વિદ્યાર્થીઓ પણ ધોરણ-૮ સુધી કોઈપણ પ્રકારના શૈક્ષણિક પ્રયત્ન વગર પહોંચી જતા હોય છે. આ તમામ બાબતોની પુરી આડ અસર છેલ્લે માધ્યમિક શિક્ષણની ગુણવત્તા ઉપર ચડે છે. ધોરણ-૮ સુધી કંઈ જ ન જાણતો વિદ્યાર્થી ધોરણ-૯માં નાપાસ થવાની અણી ઉપર આવી જાય છે અને પછી ધોરણ-૧૦માં નાપાસ થઈને ભણવાનું છોડી દેતા હોવાના દાખલાઓ પણ સામે આવ્યા છે ત્યારે હવે પછી શિક્ષણ વિભાગે ધોરણ-૫ થી ૮માં તદ્દન નબળા વિદ્યાર્થીઓને નાપાસ કરવા માટેની છુટ શિક્ષકોને આપવા માટે વિચારણા હાથ ધરી હોવાનું અત્યંત આધારભૂત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ ધોરણ-૫ થી ૮માં જે વિદ્યાર્થી અભ્યાસમાં અત્યંત નબળા હોય તેવા વિદ્યાર્થીઓને વર્ગશિક્ષક નાપાસ કરી શકે તેવી સત્તા આપવાની વિચારણા સરકાર કરી રહી છે. જો કે આ બાબતે હજી કોઈ આખરી નિર્ણય લેવામાં આવ્યો નથી. શિક્ષણ શાસ્ત્રીઓનું એક જુથ એમ માને છે કે તદ્દન ઠોઠ વિદ્યાર્થીઓને પાસ કરી ઉપલા વર્ગમાં ચડાવવાથી શિક્ષણની ગુણવત્તા ઘટે છે જ્યારે અન્ય એક વર્ગ એવું માને છે કે વિદ્યાર્થીઓને નાપાસ કરવાના કારણે શાળામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી જશે.

## શબ્દાવલી - ૫૪૭૬



**આડી ચાવી**

૧. સંગેમરમર, ચમકતો પથ્થર (૬)
૪. મહોર, મુદ્રા છાપ (૨)
૫. વીમો ઉતારનાર માણસ(૫)
૯. સાર, સત્ય (૨)
૧૦. ખાંધે બોજો ઉપાડવા બનાવેલ તુલા (૩)
૧૧. હાક (૩)
૧૩. ધક્કો ઝીલી લેવા થતી યાંત્રિક રચના (૩)
૧૫. જન્માક્ષરને લગતું (૩)
૧૭. અભિમાન (૨)
૧૮. આવક, નફો (૩)
૨૦. ત્રણ અણિવાળુ એક હથિયાર (૩)
૨૧. બધી રીતે (૩)

**ઊભી ચાવી**

૧. રોજીરોટી (૪)
૨. પાનખર ઋતુ, ...ડ (હિન્દીમાં) (૩)
૩. ફોર્સથી પાણી જવાની યાંત્રિક રચના (૩)
૪. સૂરત, ચહેરો (૩)
૬. સાર-સંભાળ (૪)
૭. જાહેરાત, એડવર્ટાઇઝનું ટૂંકું રૂપ (૨)
૮. 'હાફપેન્ટ' શબ્દ આડોઅવળો (૪)
૧૨. હાથ, હસ્ત (૨)
૧૪. ઝંઝાળ, સંસારની માયા(૪)
૧૫. જાયફળ ઉપરનું સુગંધીદાર છોડું, ગરમ મસાલામાં આવે(૩)
૧૬. પંકજ, એક ફુલ (૩)
૧૮. ખારું,ખારું... જેવું (૨)
૧૯. પ્રસંગ-ઉત્સવ (૨)

**શબ્દાવલી ૫૪૭૫ના જવાબ**

**આડી ચાવી :-** (૧) પડકાર (૩) અવેજી (૬) કારસતાન (૭) લઘુ (૯) વાળ (૧૦) ભર (૧૨) કાજળ (૧૫) ધસમસતુ (૧૭) નિજી (૧૯) વિજળી (૨૦) જીવાત (૨૧) ધન (૨૨) પસવારવુ

**ઊભી ચાવી :-** (૧) પહેલ (૨) રકાસ (૩) અસવાર (૪) વેતાળ (૫) જીન (૮) ઘુસ (૧૦) ભળતુ (૧૧) વિધવિધ (૧૨) કામળી (૧૩) જસ (૧૪) શનિવાર (૧૬) સજન (૧૮) જીતવું (૨૦) જીવા

# કોહીનૂર તથા સ્ટાર બ્રાન્ડના મીઠાનો જથ્થો કબજે કરાયો

અમદાવાદ,તા. ૧૨

ભારતીય માનક બ્યુરોના અધિકારીઓએ ૯, ઓગસ્ટ ૨૦૧૪ના રોજ રિફાઈન્ડ આયોડાઈઝ સોલ્ટ બનાવતા મેસર્સ ચોગલે સોલ્ટ વર્ક્સ પ્રા. લિમિટેડ પર રેડ કરી હતી. ભારતીય માનક બ્યુરોને આ ફર્મ દ્વારા લાયસન્સ લીધા વિના રિફાઈન્ડ આયોડાઈઝ સોલ્ટ બનાવાતો હોવાની બાતમી મળી હતી.

રેડ દરમિયાન મળેલી પેકેજ સામગ્રી પર આઈએસઆઈ માર્કો, અલગ અલગ બે ઉત્પાદકોના લાયસન્સ નંબર અને કોહિનૂર તથા સ્ટાર બ્રાન્ડ નામ તથા આઈએસ ૭૨૨૪ છાપેલું હતું. આ સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આ ફર્મે બીઆઈએસ અધિનિયમ ૧૯૮૬ની કલમ ૧૧(૧) તથા ૧૨(બી)નું ઉલ્લંઘન કર્યું છે. આરોપી વિરુદ્ધ ભારતીય માનક બ્યુરો અધિનિયમ ૧૯૮૬ અંતર્ગત કાર્યવાહી કરાઈ રહી છે જેમાં એક વર્ષની સજા કે ૫૦૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને સજાનું પ્રાવધાન છે.

ભારતીય માનક બ્યુરો દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, કેટલાક દગાબાજ ઉત્પોદો દ્વારા સામાન્ય જનતાને ગુમરાહ કરવા માટે લાયસન્સ વિના આઈએસઆઈ માર્કાના ઉપયોગ કરવામાં આવે છે. ગ્રાહકોને આ પ્રકારના દગા તેમજ સંભવિત ખતરાથી બચાવવા માટે ભારતીય માનક બ્યુરો દ્વારા બાતમી મળતા સમય સમય પર આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે. અગર કોઈપણ વ્યકિત પાસે આઈએસઆઈ માર્કાના દુરુપયોગની કોઈપણ સૂચના હોય તો તે સૂચના પ્રમુખ, ભારતીય માનક બ્યુરો, અમદાવાદ શાખા કાર્યાલય ત્રીજો માળ, પુષ્પક બિલ્ડિંગ ખાનપુર કામા હોટલની સામે અમદાવાદ. ફોન નંબર ૨૫૬૦૧૪૩૧ પર આપી શકે છે.

# ગુજરાત બોર્ડ નિગમ-સરકારી સાહસોનું કર્મચારી મહામંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય બોર્ડ-નિગમ સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ સાથે જોડાયેલા કેટલાક લોકો દ્વારા લોકપ્રિયતા મેળવવા માટે વિખવાદ સંદર્ભે તાજેતરમાં ગાંધીનગર ખાતે મહામંડળના હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી.

ગુજરાત રાજય બોર્ડ નિગમ સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ સાથે જોડાયેલા કેટલાક અસંતુષ્ટ કર્મચારી/હોદ્દેદારો ગાંધીનગર ખાતે વિવિધ બોર્ડ નિગમના હોદ્દેદારોને પોતાની સસ્તી લોકપ્રિયતા મેળવવા વિખવાદ ઉભો કરવા તેમજ ભાગલાવાદી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ સંદર્ભે ગત ૬ ઓગષ્ટના રોજ ગાંધીનગર ખાતે આવેલા વિવિધ બોર્ડ/નિગમની કચેરીના હોદ્દેદારોની એક બેઠક મળી હતી જેમાં કર્મચારી મહામંડળ હાલમાં કાર્યરત છે અને કાર્યરત રહેશે અને ભવિષ્યમાં સર્વાનુમતે જે કોઈ નિર્ણય લેવામાં આવશે તેની અગાઉથી જાણ કરવામાં આવશે માટે આવા અસંતુષ્ટ ભાગલાવાદી તત્વોની વાતમાં નહીં આવવા મહામંડળના પ્રમુખ કલ્પેશભાઈ ચૌહાણે જણાવ્યું હતું.

# ઘુડખર અભ્યારણ્યમાંથી પસાર થતા માર્ગને મંજુરી

ગાંધીનગર, તા.૧૨

કેન્દ્ર સરકારે કચ્છ જિલ્લાના ગડુલીથી પાટણ જિલ્લાના સાંતલપુરને જોડતા માર્ગમાં આવતા વન્યપ્રાણી તથા ઘુડખર અભ્યારણ્યમાંથી પસાર થતાં ૪૦ કિમીની લંબાઈના માર્ગની મંજુરી આપી છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ૨૫૫ કિમી લંબાઈ ધરાવતા આ માર્ગમાં આવતા વન્યપ્રાણી અભ્યારણ્યમાંથી પસાર થતા આ ૪૦ કિમીના માર્ગ માટે મંજુરી આપવા કેન્દ્રિય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરને નવી દિલ્હીમાં મળીને રજુઆત કરી હતી. આનંદીબેન પટેલની આ રજુઆતનો સકારાત્મક પ્રતિભાવ આપતા ભારત સરકારના પર્યાવરણ મંત્રાલયે આજે આ મંજુરી આપીને તેની જાણ ગુજરાત સરકારને કરી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ મંજુરી આપવા માટે ભારત સરકારના પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરનો આભાર માન્યો છે. પર્યાવરણ મંત્રાલયે ગુજરાત સરકારને આ ૪૦ કિમીની લંબાઈની કામગીરી નેશનલ વાઈલ્ડ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાના પરામર્શમાં રહીને કરવા જણાવ્યું છે.

## સોજાની એચ.એમ. હાઈસ્કૂલમાં આરોગ્ય વિષયક વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

કલોલ તાલુકાના સોજાની એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહકારથી આરોગ્ય વિષયક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર્સ અને કર્મચારી ગણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને આ વકતૃત્વ સ્પર્ધાના સ્પર્ધકને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના બાળકો થકી સમગ્ર સમાજને આરોગ્ય વિષયક બાબતોથી માહિતગાર કરવા અને તે અંગે જનજાગૃતિ પ્રસરાવવાના હેતુથી આ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેડીકલ ઓફિસર ડૉ. રાઠોડે વિવિધ રોગોના ફેલાવા, પ્રસાર, પરિબળો, કારણો, લક્ષણો અને અટકાવ-બચાવના ઉપાયો અંગે ઉપયોગી સૂચનો માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## અમદાવાદી વિસનગરા નાગર વરસુંદિયા પંચની સભા

ગાંધીનગર, તા. ૧૨

અમદાવાદના વિસનગર નાગર ભાદરવા વરસુંદિયા પંચ દ્વારા આગામી ભાદરવી પૂનમે અંબાજી ખાતે પ્રતિવર્ષ સંઘ લઈ જવામાં આવે છે. આ સંઘ ભાગરવા સુદ અગિયારશથી નીકળીને અંબાજી માતાના મંદિરમાં પેઢીઓથી વડીલોએ પ્રસ્થાપિત કરેલી પરંપરા મુજબ વિધિ વિધાન પૂર્વક જગતજનની મા આદ્યશક્તિનું પૂજન અર્ચન કરી પરામ્બિકાના ચરણોમાં ભોજનનો થાળ અર્પણ કરી આસો નવરાત્રીમાં પોતાના સ્થાને પધારવા મા અંબાને નિમંત્રણ આપે છે. આ પરંપરા મુજબ આ વર્ષે અંબાજી જવાના આયોજન અર્થે વરસુંદિયા પંચની સામાન્ય સભા તા. ૧૫મી ઓગસ્ટે સાંજે ૫ વાગે ખાડિયા પોસ્ટ ઓફિસ સામે નાની જેઠાભાઈની પોળમાં આવેલ ઉન્નતિ બાલ મંદિર ખાતે રાખવામાં આવેલ છે.

## બેઠકો યોજવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યાર સુધી પ્રભારી સચિવો દ્વારા જિલ્લાના અધિકારીઓ સાથે જિલ્લાના મુખ્ય બેઠક ખાતે બેઠકો યોજવામાં આવી હતી.

પ્રભારી સચિવો દ્વારા તેઓના પ્રભારી જિલ્લાની મુલાકાત અંગે શુ પરિસ્થિતિ છે તે અંગેની સમીક્ષા તાજેતરમાં કરવામાં આવી હતી. આ સમીક્ષા બેઠકમાં એવું જણાવવામાં આવ્યુંહતું કે જિલ્લાની મુલાકાત વખતે જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે બેઠક જિલ્લાના મુખ્ય મથકે યોજવાને બદલે વારાફરતી જિલ્લાના જુદા જુદા તાલુકામાં યોજવા માટેની સૂચનાઓ પ્રભારી સચિવોને આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ એક વર્ષમાં જિલ્લાના દરેક તાલુકાઓને આવરી લેવામાં આવે તે રીતે બેઠકનું આયોજન કરવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી છે. તેમજ આ અંગે પોર્ટલમાં જિલ્લાની કેટલી મુલાકાતો લેવામાં આવી તેની વિગતો સહિત મુલાકાત દરમિયાન ધ્યાને આવેલી બાબતો પણ અપલોડ કરવા પણ પ્રભારી સચિવોને સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત પ્રભારી સચિવો જ્યારે તેઓના જિલ્લાની મુલાકાત લે ત્યારે ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ કાર્યક્રમમાં સમાવવામાં આવેલી બાબતોની પણ સમીક્ષા કરવા અને જિલ્લા વિકાસ અધિકારીઓને એનસીરાઈઝ કરવામાં આવે તે બાબત ઉપર પણ આ બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હતો.